ઉમેદવારનો બેઠક નંબર : | | | | | | |

પેપર કોડ

**156 2023**

પ્રશ્નપુસ્તિકા કોડ

# A

પ્રશ્નપુસ્તિકા નંબર

**ખાતાના વડાની કચેરીનું નામ : અધિક પોલીસ મહાનિર્દેશક અને જેલ અને સુધારાત્મક વહીવટ**

**સંવર્ગનું નામ : લોઅર લેવલ**

**વિષય : ખાતાકીય બાબતો**

પ્રશ્નપત્ર નંબર **5**

**પરીક્ષા તારીખ : ૧૦-૧૨-૨૦૨૩**

**With Book**

**સમય : ૨ કલાક**

**કુલ ગુણ : ૧૦૦**

---

**તમને સૂચના આપવામાં ન આવે ત્યાં સુધી પ્રશ્નપુસ્તિકા ખોલવી નહીં.**

---

## ● ઉમેદવારોને સૂચના ●

(1) આ કસોટીપત્રમાં કુલ 100 પ્રશ્નો છે. પ્રત્યેક પ્રશ્નનો ઉત્તર A, B, C અને D પૈકી કોઈ એક છે. પ્રશ્નની સાથે જ ચારેય વિકલ્પો આપવાનાં આવેલ છે. તમારે બધા જ પ્રશ્નોના ઉત્તર આપવામા છે. તમારે આ સાથે **અલગ આપેલ ઉત્તરપત્ર (OMR SHEET) માં જ ઉત્તર આપવાના છે.**

**ઉદાહરણ તરીકે :**

ભારતના રાષ્ટ્રપિતા તરીકે કોણ ઓળખાય છે?

A) સરદાર પટેલ B) મહાત્મા ગાંધી

C) સુભાષચંદ્ર બોઝ D) વિનોબા ભાવે

જવાબવહી (OMR SHEET) માં

(A) ● (C) (D)

ઉપર્યુક્ત ઉદાહરણનો જવાબ "B" છે. આથી "B" નું વર્તુળ કાળું (encode) કરેલ છે.

(2) પરીક્ષા શુરુ થયેથી ઉમેદવાર પરીક્ષા છોડી શકશે નહીં અને અનિવાર્ય કારણોસર પરીક્ષા પૂર્ણ થયા પહેલાં ઉમેદવારે પરીક્ષા ખંડ છોડવો હોય તો પોતાનું ઉત્તરપત્ર અને પ્રશ્નપત્ર પરત આપવાનું રહેશે. પરીક્ષા પૂર્ણ થયા બાદ ઉમેદવાર પોતાનું પ્રશ્નપત્ર લઈ જઈ શકશે.

(3) પ્રશ્નપત્ર ઉમેદવારને મળે કે તરત જ ઉત્તરપત્ર (OMR SHEET)માં નિયત કરેલ જગ્યાએ પોતાનો બેઠક નંબર તથા અન્ય વિગતો સ્વચ્છ અક્ષરે લખવાની રહેશે.

(4) પ્રત્યેક સાચા જવાબદીઠ 1 (એક) ગુણ મળવાપાત્ર થશે. મંડળ દ્વારા ગુણાંકન પદ્ધતિમાં માઈનસ પદ્ધતિ દાખલ કરવામાં આવેલ નથી.

(5) ઉત્તરપત્ર (OMR Sheet) માં નિશ્ચિત જગ્યા સિવાય ઉમેદવારે પોતાનો બેઠક ક્રમાંક લખવો નહીં તથા પોતાની આગવી ઓળખ છતી થાય તેવી નામ સહિતની અન્ય કોઈપણ પ્રકારની નિશાની કરવાની સખત મનાઈ છે. તેમ છતાં પણ કોઈપણ નિશાની કે ઓળખ કર્યાનું માલૂમ પડશે તો તેને સંપૂર્ણ ગેરશિસ્ત ગણવામાં આવશે અને પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે.

(6) ઉત્તરપત્ર (OMR Sheet) માં ઉમેદવાર તથા નિરીક્ષક બંનેની સહી ફરજિયાત છે. બંનેની સહી વિનાની OMR Sheet (ઉત્તરપત્ર) વાળા ઉમેદવાર ગેરલાયક ઠરશે.

(7) પરીક્ષા દરમ્યાન ઉમેદવાર પાસે માન્ય સાહિત્ય સિવાય અન્ય સાહિત્ય જેવું કે ગાઈડ, માર્ગદર્શિકા, કાપલી, સ્લીપો, અન્ય હસ્તલિખિત કે પ્રિન્ટેડ સાહિત્ય, મોબાઈલ ફોન જેવા અન્ય વીજાણુ ઉપકરણો હોવાનું જણાશે તો ઉમેદવારને ગેરલાયક ગણવામાં આવશે

(8) ચાલુ પરીક્ષા દરમ્યાન અંદરોઅંદર ગુસપુસ કરવી, અવાજ કરવો કે નિરીક્ષકની સૂચનાઓનું ઉલ્લંઘન કરવું તે ગેરશિસ્ત ગણાશે.

(9) ઉમેદવાર વાદળી/કાળી બોલપેનથી જ ઉત્તરો લખવાના છે. અન્ય શાહી કે પેન્સિલનો ઉપયોગ કરી શકાશે નહીં. તથા સફેદ શાહી (વ્હાઈટ ઈન્ક) બ્લેડ કે રબ્બરથી કે અન્ય કોઈ પણ રીતે પ્રશ્નના જવાબમાં કરેલા સુધારા માન્ય ગણાશે નહીં.

**પરીક્ષા આપનાર ઉમેદવારે ઉત્તરપત્ર (OMR SHEET) વર્ગનિરીક્ષકને પરત કર્યા બાદ જ વર્ગખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસુર થયેથી શિસ્તભંગના પગલાં ગણી પરીક્ષા માટે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.**

001. જેલમાં કેદીઓને ચાલુ કામધંધાના દિવસો માટે સામાન્ય દૈનિક નિત્યક્રમમાં પહેલી પ્રવૃત્તિ શું રહેશે ?

(A) કાંજી ચા
(B) પ્રાર્થના
(C) દેહશુદ્ધિ
(D) અંગકસરતો

002. જેલમાં નિત્યક્રમના ફેરફારની જાણ કરવા કયા સાધનનો ઉપયોગ કરવામાં આવશે ?

(A) ઘંટ વગાડવો
(B) વ્હીસલ
(C) બ્યુગલ
(D) સાયરન

003. જેલમાં કેદીઓને સુઇ જવા માટે કયો સમયગાળો સૂચિત કરવામાં આવ્યો છે ?

(A) કલાક ૮.૦૦ થી ૯.૩૦ (મધ્યાહ્ન પછીનો)
(B) કલાક ૯.૩૦ થી ૧૦.૩૦ (મધ્યાહ્ન પછીનો)
(C) કલાક ૯.૦૦ થી ૧૦.૦૦ (મધ્યાહ્ન પછીનો)
(D) કલાક ૧૦.૦૦ થી ૧૧.૦૦ (મધ્યાહ્ન પછીનો)

004. જેલમાં કેદીઓના નિત્યક્રમમાં વ્યાયામ માટે સવારમાં કેટલો સમય ફાળવવા સુચિત કરેલું છે?

(A) ૨૫ મીનીટ
(B) 30 મીનીટ
(C) ૪૦ મીનીટ
(D) ૪૫ મીનીટ

005. કેદીઓના નિત્યક્રમમાં કેવા વિકલ્પ મુજબના સંજોગો મુજબ ફેરફાર કરી શકાય છે ?

(A) સ્થાનિક સંજોગો
(B) વર્ષની ઋતુના આધારે
(C) સુપરિન્ટેન્ડેન્ટના તબીબી અધિકારી સાથે વિચાર વિનિમય અને સ્વ વિવેકે
(D) ઉપરોક્ત તમામ

006. જેલ સુપરિન્ટેન્ડેન્ટ જેલના કેદીઓની નીરીક્ષણ પરેડ કેટલા સમયે રાખશે?

(A) દર અઠવાડીયે
(B) દર પખવાડીયે
(C) દર મહીને
(D) દસ દિવસે

007. વર્ગ ૧ ના કેદીઓને માથામાં નાખવાનુ તેલ વધુમાં વધુ કેટલુ આપવામાં આવશે ?

(A) ૧૦૦ ગ્રામ મહીના દીઠ
(B) ૨૦૦ ગ્રામ મહીના દીઠ
(C) ૨૨૫ ગ્રામ મહીના દીઠ
(D) ૩૦૦ ગ્રામ મહીના દીઠ

008. જેલમાં સ્ત્રીઓની બેરેકોની ચાવીઓની અભિરક્ષા કોણ કરશે ?

(A) સિનિયર મેટ્રન
(B) સિનિયર કેદી
(C) જેલર
(D) સિનિયર જેલર

009. નાણાં પેટીઓની ચાવીની અભિરક્ષા માટે કોણ જવાબદાર રહેશે ?

(A) સુપરિન્ટેન્ડેન્ટ

(B) જેલોના ઈન્સ્પેક્ટર જનરલ ચાવીઓ રાખવા અધિકૃત કરેલ વ્યક્તિ

(C) વિકલ્પ A અને B

(D) ઉપરોક્ત પૈકી એક પણ નહિ

010. કેદીઓને રાજ્યની એક જેલમાંથી બીજી જેલમાં કયા વિકલ્પ મુજબના કારણોસર ખસેડી શકાય છે ?

(A) તબીબી કારણોસર

(B) કોર્ટમાં હાજર કરવા માટે

(C) માનવહિતના અને પુનર્વસવાટના કારણોસર

(D) ઉપરના તમામ

011. કેદીઓને રાજ્યની એક જેલમાંથી બીજી જેલમાં બદલી કરતી વખતે નીચેના ક્યા વિકલ્પ મુજબના નિયંત્રણ રાખવા જોઈશે ?

(A) રવિવારે બદલી નહી શકાય

(B) બીજી રજાઓના દિવસે બદલી નહી શકાય

(C) જેલના બંધ થયા પછી જ નિર્ધારીત સ્થળે પહોંચાય તેવુ હોય ત્યારે નહીં બદલી શકાય

(D) ઉપરના તમામ વિકલ્પની માહિતી

012. કેદીઓને એક જેલમાંથી બીજી જેલમાં બદલી કરતી વખતે કેદીનું મૃત્યુ થાય એવા સંજોગમાં એસ્કોર્ટના કમાન્ડીંગ ઓફિસર તરત જ કોને રીપોર્ટ કરશે ?

(A) નજીકના મેજીસ્ટ્રેટને

(B) નજીકના તાલુકા વિકાસ અધિકારીને

(C) નજીકના તલાટીને

(D) નજીકના જેલરને

013. જેલના સુપ્રિન્ટેન્ડેન્ટ કોઈ કેદીને એક જેલમાંથી બીજી જેલમાં બદલે ત્યારે તેને કેવી ખાસ સગવડો આપી શકે છે?

(A) નવો પોશાક ખરીદવાની

(B) મુદત ઘટાડવા સારૂ વિનંતી કરવાની

(C) ખાસ ભોજન આપવા અંગેની

(D) સુખાકારીના પત્રો લખવાની

014. કેદીઓને જેલ બદલી દરમ્યાન માર્ગમાં સારવાર સારૂ હોસ્પીટલમાં દાખલ કરાય તો એસ્કોર્ટના ઈન્ચાર્જ અધિકારી કોને રીપોર્ટ કરશે ?

(A) જે તે મેજીસ્ટ્રેટને

(B) જે તે જેલના સુપ્રિન્ટેન્ડેન્ટને

(C) જિલ્લા કલેક્ટર

(D) તાલુકા મામલતદાર

015. એસ્કોર્ટના ઇન્ચાર્જઅધિકારી રસ્તામાંથી કોઈપણ કેદી માર્ગસ્થ દરમિયાન ભાગી જાય ત્યારે સૌપ્રથમ તરતજ કોને જાણ કરશે?

(A) નજીકના તાલુકા વિકાસ અધિકારી
(B) નજીકના મામલતદાર
(C) નજીકના તબીબી અધિકારી
(D) નજીકના પોલીસ સ્ટેશનના અધિકારીને

016. વર્ગ–૧ ના કેદીઓને દરિયાઇ માર્ગે ખસેડવામાં આવ્યે કયા દરે મુસાફરી ભથ્થુ આપવામાં આવશે ?

(A) ઉપલો વર્ગ
(B) નીચલો વર્ગ
(C) મધ્યમ વર્ગ
(D) ઉપર પૈકી એક પણ નહિ

017. કેદીઓને એક જેલમાંથી બીજી જેલમાં ખસેડવાં પહેલાં કેટલા દિવસ અગાઉ તબીબી અધિકારીનું પ્રમાણપત્ર મેળવવું પડશે ?

(A) ૧ દિવસ અગાઉ
(B) ૨ દિવસ અગાઉ
(C) ૩ દિવસ અગાઉ
(D) ૪ દિવસ અગાઉ

018. કેદીઓની ખાનગી મિલકતની સલામત કસ્ટડી માટે કોણ જવાબદાર રહેશે ?

(A) સિનિયર જેલર
(B) મેટ્રન
(C) જેલ વોર્ડન
(D) સિનિયર કારકૂન

019. કેદીઓને જેલમાંથી છોડી મુકવામાં આવે ત્યારે તેઓની ખાનગી મિલકત પરત સોંપવા કોણ જવાબદાર રહેશે ?

(A) સિનિયર જેલર
(B) જુનિયર જેલર
(C) વોર્ડન
(D) સિનિયર કારકૂન

020. જેલમાં દાખલ કર્યેથી, તેની ઝડતી લીધા પછી કેદી પાસેથી છુપાવેલી મિલકતનું શું કરવામાં આવે છે ?

(A) કિંમત સરકારમાં જમા કરવામાં આવશે
(B) રકમનો ૧/૩ ભાગ કરતાં વધારે નહીં એટલુ ઈનામ આપી શકાશે.
(C) A and B બંને વિકલ્પોની માહિતી
(D) ઉપર પૈકી એક પણ નહિ

021. જેલ સ્ટાફ કેદીઓની લીલામ કરવામાં આવેલ મિલકતની ખરીદી કરી શકે કે નહી ?

(A) હા, કરી શકે છે
(B) ના, ન કરી શકે
(C) અંશત કેટલીક વસ્તુઓ ખરીદી કરી શકે
(D) ઉપરનો એક પણ વિકલ્પ નહી લાગુ પડે

022. કેદીઓની ખાનગી મિલકતની લીલામીમાં વાજબી કિંમત મળે તેની ફરજ કોની છે ?

(A) સિનિયર જેલર (B) જુનિયર જેલર

(C) સિનિયર વોર્ડન (D) સિનિયર કારકુન

023. જેલમાં કયા વર્ગના કેદીઓને તેમનાં ખાનગી કપડાં પહેરવાની પરવાનગી આપવામાં આવશે ?

(A) વર્ગ-૨ ના કેદીઓ (B) વર્ગ-૧ ના કેદીઓ

(C) ચાલુ કેદીઓ (D) પાકા કામના કેદી

024. શીખ કેદીઓને ટોપીઓ અને સુતરાઉ પાયજામાને બદલે શું આપવામાં આવશે ?

(A) સફેદ પાઘડી (B) કચ્છ

(C) A અને B ની વિગત (D) એક પણ નહીં

025. ગુજરાત જેલ (બેડીંગ કપડાં અને સાધન સામગ્રી) નિયમો ૧૯૭૭ ના ૧૧ માં નિયમમાં કોના ગણવેશ સંબંધી વિગત છે ?

(A) ગુનેગાર રાત ચોકીદાર (B) ગુનેગાર મુકાદમ

(C) સ્ત્રી ગુનેગાર (D) સખત કેદની સજાના ગુનેગાર કેદીના કપડાં

026. વર્ગ-૧ ના ગુનેગાર મુકાદમના ગણવેશની માહિતી કયા નિયમમાં મળે છે ?

(A) ગુજરાત જેલ (બેડીંગ કપડા અને સાધન સામગ્રી) નિયમો ૧૯૭૭ નો ૧૩ મો

(B) ગુજરાત જેલ (બેડીંગ કપડા અને સાધન સામગ્રી) નિયમો ૧૯૭૭ નો ૧૫ મો

(C) ગુજરાત જેલ (બેડીંગ કપડા અને સાધન સામગ્રી) નિયમો ૧૯૭૭ નો ૧૭ મો

(D) ગુજરાત જેલ (બેડીંગ કપડા અને સાધન સામગ્રી) નિયમો ૧૯૭૭ નો ૧૮ મો

027. વર્ગ-૧ ના કેદીઓને આપવામાં આવતી ચીજોમાં ટુવાલનું માપ કેટલુ રહેશે ?

(A) ૧.૨૧૯ મીટર × ૦.૬૯ મીટર

(B) ૧.૨૦૦ મીટર × ૦.૬૦ મીટર

(C) ૧.૨૧૯ મીટર × ૦.૭૦ મીટર

(D) ૧.૨૫ મીટર × ૦.૭૫ મીટર

028. ગુજરાત જેલ (બેડીંગ કપડા અને સાધન સામગ્રી) નિયમો ૧૯૭૭ કઇ તારીખથી અમલમાં આવ્યા ?

(A) તા, ૧૮ ફેબ્રુઆરી ૧૯૭૮

(B) તા, ૧૮ ફેબ્રુઆરી ૧૯૭૭

(C) તા, ૧૮ જાન્યુઆરી ૧૯૭૭

(D) ૧૯૭૭ ના માર્ચ મહિનાની ૧ લી તારીખ

029. કેદીના માહિતી પત્રમાં કેટલી વિગતો નોંધવામાં આવે છે ?

(A) ૫ (B) ૬

(C) ૭ (D) ૮

030. ઈન્સાફી કાર્યવાહી હેઠળના દરેક કેદીના હકીકત પત્રમાં કેટલી વિગતોની નોંધ હોવી જોઈએ ?

(A) ૪ (B) ૫

(C) ૬ (D) ૭

031. ગુજરાત જેલ નિયમો ૧૯૭૫ (કેદીઓ માટે ખોરાક) અનુસાર હિન્દુ કેદીઓને કેટલા દિવસો ઉપવાસના દિવસો તરીકે નિયત કરેલા છે?

(A) ૪ (B) ૬

(C) ૮ (D) ૭

032. શારીરીક અશક્ત કેદીઓને તબીબી અધિકારીઓની પરવાનગી સિવાય ઉપવાસ કરવા નહિ દેવાય એવી જોગવાઈ કયા નિયમમાં છે?

(A) ગુજરાત જેલ નિયમો ૧૯૭૫ (કેદીઓ માટે ખોરાક) નિયમ ૫

(B) ગુજરાત જેલ નિયમો ૧૯૭૫ (કેદીઓ માટે ખોરાક) નિયમ ૭

(C) ગુજરાત જેલ નિયમો ૧૯૭૫ (કેદીઓ માટે ખોરાક) નિયમ ૯

(D) ગુજરાત જેલ નિયમો ૧૯૭૫ (કેદીઓ માટે ખોરાક) નિયમ ૬૦

033. કોર્ટમાં જતાં પહેલા કાચા કામના કેદીઓને ખાણુ આપવાનો નિયમ કઈ જોગવાઈથી છે ?

(A) ગુજરાત જેલ (નિયમો ૧૯૭૫) કેદીઓ માટે ખોરાક નિયમ ૫૬

(B) ગુજરાત જેલ (નિયમો ૧૯૭૫) કેદીઓ માટે ખોરાક નિયમ ૧૫

(C) ગુજરાત જેલ (નિયમો ૧૯૭૫) કેદીઓ માટે ખોરાક નિયમ ૧૭

(D) ગુજરાત જેલ (નિયમો ૧૯૭૫) કેદીઓ માટે ખોરાક નિયમ ૨૭

034. કેદીઓના ખોરાકની ગુણવત્તામાં ખામી જણાય તો તબીબી અધિકારી કયા નમૂના મુજબ રીપોર્ટ કરશે ?

(A) નમૂના નંબર ૧ (B) નમૂના નંબર ૨

(C) નમૂના નંબર ૩ (D) નમૂના નંબર ૪

035. કેદીઓના બપોરના ખાણાનો સમય કેટલો નક્કી કરેલ છે ?

(A) સવારે ૧૦-૪૫ થી ૧૨-૪૫

(B) સવારે ૧૦-૩૦ થી ૧૨-૩૦

(C) સવારે ૧૧-૦૦ થી ૧૩-૦૦

(D) સવારે ૧૦-૪૫ થી ૧૩-૦૦

036. કેદીઓ માટે રાંધવામાં આવતા ખોરાકનો તૈયાર જથ્થો બરાબર વજનનો છે તેની ખાત્રી કરવા કોણ દરેક ખાણા વખતે હાજર રહેશે ?

(A) યાર્ડના ઈનચાર્જ જેલર
(B) સર્કલના ઈનચાર્જ જેલર
(C) A અને B વિકલ્પના અધિકારી
(D) ઉપરના એક પણ નહિ

037. સુપરિન્ટેન્ડેન્ટે ક્યારે કેદીઓને આપવામાં આવતા અનાજ, ખોરાક, રાશનની વસ્તુઓની ખાતરી કરવી જોઈશે ?

(A) પખવાડીયે એકવાર
(B) મહિને એકવાર
(C) અઠવાડીયામાં ઓછામાં ઓછુ એક વાર
(D) મહિનામાં બે વાર

038. કેદીઓને ઓછો ખોરાક આપવામાં આવે છે તેવી હકીકત જેલરના ધ્યાનમાં આવે ત્યારે તેઓ કયા નમૂના મુજબ રીપોર્ટ કરશે ?

(A) જેલરની રીપોર્ટ બુકના નમૂના નંબર ૬ મુજબ
(B) જેલરની રીપોર્ટ બુકના નમૂના નંબર ૩ મુજબ
(C) જેલરની રીપોર્ટ બુકના નમૂના નંબર ૧ મુજબ
(D) જેલની રીપોર્ટ બુકના નમૂના નંબર ૧ મુજબ

039. કેદીઓને મોતની સજા મળેલ હોય તેઓને કયા કોષ્ટક મુજબ ખોરાક આપવામાં આવશે ?

(A) પરિશિષ્ટમાં આપેલા નંબર ૩ પ્રમાણે
(B) પરિશિષ્ટમાં આપેલા નંબર ૧ પ્રમાણે
(C) પરિશિષ્ટમાં આપેલા નંબર ૨ પ્રમાણે
(D) ઉપરના એક પણ નહિ

040. કોઈ ખાસ કેદીને કયા ધોરણે અનાજ આપવુ તે બાબતે શંકા થાય ત્યારે અનુસરવાની પ્રક્રિયાની માહિતી કયા નિયમથી મળે છે?

(A) ગુજરાત જેલ નિયમો ૧૯૭૫ (કેદીઓ માટેનો ખોરાક) નિયમ ૨૬
(B) ગુજરાત જેલ નિયમો ૧૯૭૫ (કેદીઓ માટેનો ખોરાક) નિયમ ૨૫
(C) ગુજરાત જેલ નિયમો ૧૯૭૫ (કેદીઓ માટેનો ખોરાક) નિયમ ૨૧
(D) ગુજરાત જેલ નિયમો ૧૯૭૫ (કેદીઓ માટેનો ખોરાક) નિયમ ૨૦

041. ગુજરાત જેલ (સ્ટાફ કામગીરી)નિયમો ૧૯૭૫ કઈ તારીખથી અમલમાં આવ્યા ?

(A) સન ૧૯૭૫ ના ઓક્ટોબરની ૧ લી તારીખથી
(B) સન ૧૯૭૬ ના ઓક્ટોબરની ૧ લી તારીખથી
(C) સન ૧૯૭૬ ના જાન્યુઆરીની ૧ લી તારીખથી
(D) સન ૧૯૭૫ ના જાન્યુઆરીની ૧ લી તારીખથી

042. જેલોના ખર્ચ માટે નિયંત્રક સત્તાધિકારી કોણ ગણાશે ?

(A) ઈન્સ્પેક્ટર જનરલ જેલ (B) સિનિયર જેલર

(C) સિનિયર હીસાબી અધિકારી (D) ઉપર પૈકી એક પણ નહીં

043. ઈન્સ્પેક્ટર જનરલે અગાઉના નાણાંકીય વર્ષનો વહીવટનો વિગતવારનો અહેવાલ દર વર્ષે કઈ તારીખ પહેલાં રાજ્ય સરકારને કરવો?

(A) મે મહિનાની ૩૧ મી (B) એપ્રિલ મહિનાની ૩૦ મી

(C) ફેબ્રુઆરી ૨૮ પહેલાં (D) ઉપરોક્ત એક પણ નહીં

044. સિનિયર જેલરની ફરજોની જોગવાઈ કયા નિયમમાં આપેલી છે ?

(A) ગુજરાત જેલ સ્ટાફ કામગીરી નિયમો ૧૯૭૫ નો ૧૩ મો નિયમ

(B) ગુજરાત જેલ સ્ટાફ કામગીરી નિયમો ૧૯૭૫ નો ૧૫ મો નિયમ

(C) ગુજરાત જેલ સ્ટાફ કામગીરી નિયમો ૧૯૭૫ નો ૧૭ મો નિયમ

(D) ગુજરાત જેલ સ્ટાફ કામગીરી નિયમો ૧૯૭૫ નો ૧૯ મો નિયમ

045. જેલ અધિકારીઓ કેવા સંજોગોમાં સીધોજ રાજ્ય સરકારને પત્રવ્યવહાર કરી શકે છે ?

(A) ભૂખ હડતાળના અહેવાલો (B) કસ્ટડીમાંથી કેદીનું નાસી જવુ

(C) સજા ઘટાડવા માટેની કેદીઓની અરજી (D) ઉપરના તમામ

046. ઈન્સ્પેક્ટર જનરલે વર્ષમાં ઓછામાં ઓછી કેટલી વાર સેન્ટ્રલ જેલની તપાસ કરવી જોઈશે ?

(A) એક વાર (B) બે વાર

(C) ત્રણ વાર (D) ચાર વાર

047. ગુજરાત જેલ (સ્ટાફ કામગીરી) નિયમો ૧૯૭૫ મુજબ કારખાનાના મેનેજરની ફરજોની જોગવાઈ કયા નિયમમાં છે?

(A) નિયમ ૧૯ (B) નિયમ ૨૦

(C) નિયમ ૨૧ (D) નિયમ ૨૨

048. ગુજરાત જેલ (સ્ટાફ કામગીરી) નિયમો ૧૯૭૫ મુજબ જેલ ચોકીદારોની કેટલી ફરજો જણાવેલ છે ?

(A) ૧૮ (B) ૨૧

(C) ૨૩ (D) ૨૫

049. ગુજરાત જેલ (સ્ટાફ કામગીરી) નિયમો ૧૯૭૫ ના કયા નિયમથી 'દરવાન' ની ફરજો જણાવેલ છે ?

(A) ૪૮ (B) ૪૬

(C) ૫૦ (D) ૫૪

050. ગુજરાત જેલ (સ્ટાફ કામગીરી) નિયમો ૧૯૭૫ નમૂના-૧ માં કયા રજીસ્ટરનો નમૂનો આપેલ છે ?

(A) રસીદ બુક
(B) ગેઈટ રજીસ્ટર
(C) ટુલ્સ અને પ્લાન્ટ રજીસ્ટર
(D) વેચાણ જર્નલ

051. મુંબઈ જેલ એકાઉન્ટ મેન્યુઅલ મુજબ ૧૩૦ વેજીટેબલ કટલેટ બનાવવા સારૂ કેટલા પાઉન્ડ વેજીટેબલ શાકભાજી (B Class પૈકીના) સૂચવેલ છે?

(A) ૦૫
(B) ૦૭
(C) ૦૯
(D) ૧૧

052. મુંબઈ જેલ એકાઉન્ટ મેન્યુઅલ મુજબ ૬૫૦ નંગ મીઠા ખાજાં બનાવવા માટે કેટલું વેજીટેબલ ઘી જોઈએ ?

(A) ૧૨ lbs. પાઉન્ડ
(B) ૧૦ lbs. પાઉન્ડ
(C) ૮ lbs. પાઉન્ડ
(D) ૬ lbs. પાઉન્ડ

053. પનિશમેન્ટ રજીસ્ટર (શિક્ષા રજીસ્ટર) એ મુંબઈ જેલ એકાઉન્ટ મેન્યુઅલના કયા ફોર્મ મુજબનું રજીસ્ટર છે ?

(A) જેલ ફોર્મ નં ૩
(B) જેલ ફોર્મ નં ૫
(C) જેલ ફોર્મ નં ૬
(D) જેલ ફોર્મ નં ૭

054. જેલ ફોર્મ નં. ૮ એ કયા પ્રકારના રજીસ્ટરની માહિતી છે?

(A) ગાર્ડન રજીસ્ટર
(B) પનિશમેન્ટ રજીસ્ટર
(C) સજા પામેલ કેદીઓની મિલકતનું રજીસ્ટર
(D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

055. કેશબુક સાથે સમાંતરે અન્ય કેટલાં રજીસ્ટરો રાખવા જોઈશે ?

(A) 17
(B) ૧૩
(C) ૧૫
(D) ૧૧

056. મુંબઈ જેલ એકાઉન્ટ મેન્યુઅલ ફોર્મ નં. ૧૭ મુજબનું કન્ટીજન્ટ રજીસ્ટર કેટલા ભાગમાં નિભાવવામાં આવશે ?

(A) ૪
(B) ૩
(C) ૨
(D) ૧

057. મુંબઈ જેલ એકાઉન્ટ મેન્યુઅલના ફોર્મ નં. ૧૧ થી કયુ રજીસ્ટર નિભાવવામાં આવે છે?

(A) ગેટ રજીસ્ટર
(B) એસ્કેપ રજીસ્ટર
(C) કન્ટીજન્ટ રજીસ્ટર
(D) પનીશમેન્ટ રજીસ્ટર

058. રીપોર્ટ બુકમાં સિનિયર જેલરે કેટલી વિગતો નોંધવી જોઇશે ?

(A) ૭ (B) ૯

(C) ૧૦ (D) ૧૧

059. રીપોર્ટ બુકમાં હેડ ક્લાર્ક (મુખ્ય કારકૂને) કેટલી વિગતો નોંધવી જોઇશે ?

(A) ૪ (B) ૬

(C) ૮ (D) ૧૦

060. મુંબઈ જેલ એકાઉન્ટ મેન્યુઅલના કયા એપેન્ડીક્ષમાં કેદીઓને આપવાના થતા વેતનની માહિતી છે?

(A) એપેન્ડીક્ષ -A (B) એપેન્ડીક્ષ -B

(C) એપેન્ડીક્ષ -C Part-2 (D) એપેન્ડીક્ષ -C Part-1

061. સેન્ટ્રલ જેલમાં જેલ એકાઉન્ટ મેન્યુઅલ મુજબ કેટલા રજીસ્ટરો રાખવાના થશે ?

(A) ૩૭ (B) ૩૫

(C) ૩૩ (D) ૩૧

062. ગાર્ડન રજીસ્ટરને કેટલા ભાગમાં નિભાવવામાં આવશે ?

(A) ૧ (B) ૩

(C) ૨ (D) ૪

063. એસ્કેપ રજીસ્ટરની છઠ્ઠી કોલમથી કેદી અંગે કઇ વિગત પ્રાપ્ત થાય છે?

(A) સજાનો સમયગાળો (B) સજાનો પ્રકાર

(C) ગુનાનો પ્રકાર (D) ઉપરોક્ત એક પણ નહિ

064. ફેક્ટરી જેલરે ગેટ રજીસ્ટરો કેટલા સમયે ચેક કરતા રહેવાનું રહેશે ?

(A) અઠવાડીક (B) પખવાડીક

(C) માસિક (D) ઉપર પૈકી એક પણ નહીં

065. સુપ્રિન્ટેન્ડેન્ટ ઓર્ડર બુકમાં શેની નોંધ કરશે ?

(A) જેલના શિસ્ત સંબંધી આદેશો (B) જેલના વહીવટ સંબંધી આદેશો

(C) ખોરાકના નિરીક્ષણ સંબંધી રીપોર્ટ (D) ઉપરના તમામ વિકલ્પની માહિતી

066. જેલ ફોર્મ નં. ૨૦ અને ૨૧ માં કઇ માહિતી હોય છે ?

(A) ક્લોથિંગ રજીસ્ટર (B) ગેટ રજીસ્ટર

(C) પનીશમેન્ટ રજીસ્ટર (D) ખાદ્ય રજીસ્ટર

067. ડેડ સ્ટોક રજીસ્ટરની આઈટમોની નોંધ કેટલા મથાળા હેઠળ કરવામાં આવશે ?

(A) ૨ (B) ૩

(C) ૪ (D) ૫

068. સેલ્સ જર્નલ જેલ ફોર્મ નં ૨૩ ની વેચાણ સંબંધી સમરી કેટલા સમયાંતરે કરવાની રહેશે ?

(A) માસિક (B) અઠવાડિક

(C) પખવાડિક (D) ત્રિમાસિક

069. જેલ ફોર્મ નં. 28 (૨૮) કઈ બાબતની વિગતો સાથે સંકળાયેલ છે ?

(A) કાચા માલની ખાતાવહી (B) ગેટમાંથી આવતા સામાનની અવર જવર

(C) ગેટમાંથી આવતા કેદીઓની અવર જવર (D) ઉપરના એક પણ નહીં

070. ડાયટ (DIET) રજીસ્ટર કયા જેલ ફોર્મ નંબરના નમૂનાથી નિભાવવામાં આવશે ?

(A) Form No. 14 (B) Form No. 12

(C) Form No. 13 (D) Form No. 15

071. જેલ ફોર્મ નં. ૧૬૬ માં કઈ વિગતોનો સમાવેશ થાય છે ?

(A) ગાર્ડન સ્ટેટમેન્ટ (B) એક્ષ્પેન્ડીચર સ્ટેટમેન્ટ

(C) રો મટીરીયલ સ્ટેટમેન્ટ (D) ઉપરોક્ત એક પણ નહીં

072. 'ડીટેઈલ્ડ કંટીજન્સી'(Detailed) બીલને ઈન્સ્પેક્ટર જનરલને ક્યારે મોકલી આપવાનું હોય છે?

(A) જે મહિનાનું D.C. બિલ હોય તેના બીજા મહિનાની ૧૦ તારીખ પહેલાં

(B) જે મહિનાનું D.C. બિલ હોય તેની આખર તારીખ પહેલાં

(C) બીજા મહિનાની ૨૦ તારીખ પહેલાં

(D) ઉપરોક્ત એક પણ નહિ

073. ડીટેઈલ્ડ કંટીજન્સી બિલની સંગાથે અન્ય કેટલી વિગતો જોડવાની હોય છે ?

(A) ૫ (B) ૬

(C) ૭ (D) ૮

074. તમામ કર્મચારીઓના મોંઘવારી ભથ્થાની જોગવાઈઓ અંગેના બજેટ સારૂ પ્રાવધાન કયા ભાગમાં કરવામાં રહે છે?

(A) Part II - B (B) Part II - A

(C) Part I - A (D) Part I - B

075. જેલ વિભાગના બજેટના હેતુઓ માટે ખાસ પગાર (સ્પેશ્યલ પે)ના કિસ્સામાં કેટલી વિગતોનું જુથ (ગ્રુપ) બનાવેલ છે ?

(A) ૯
(B) ૭
(C) ૫
(D) ૪

076. એલ.એફ.રીટર્ન (L.F. Return) એ શાની વિગત દર્શાવે છે ?

(A) જેલ ફેક્ટરીની વાસ્તવિક નાણાંકીય સ્થિતિ
(B) સજા પામેલ કેદીઓની રોજગારી અંગે નાણાંકીય સ્થિતિ
(C) જેલ ડેરી, બેકરી વિગેરેથી પ્રાપ્ત નાણાંકીય આવકોનું
(D) ઉપરોક્ત તમામ

077. જેલ ફોર્મ નં. ૧૬૬ (ગાર્ડન સ્ટેટમેન્ટ) થી શેની વિગતો પ્રાપ્ત થાય છે ?

(A) કેદીઓના ખાણાં માટે જુદી-જુદી જગાએથી આવતી સામગ્રીની
(B) કેદીઓના પોશાક સંબંધી
(C) કેદીઓના સ્વજનોના પત્રો સંબંધી
(D) કેદીઓની મુલાકાત સંબંધી

078. કેદીઓના ખાણાંની કિંમતમાં શેનો સમાવેશ થાય છે ? (Form 166)

(A) પોલ્ટ્રી ઈંડાં, સામગ્રીની કિંમત
(B) ડેરી ઉત્પાદન સામગ્રીની કિંમત
(C) ગાર્ડન પૂરવઠા, સામગ્રીની કિંમત
(D) ઉપરોક્ત તમામ

079. જેલ કેન્ટીનના હેતુઓ માટે વાર્ષિક જરૂરતોની ટેન્ડર નોટીસ કયા મહિનાના છેલ્લા અઠવાડીયે કરવી જોઈશે ?

(A) પ્રત્યેક વર્ષના ઓક્ટોબર મહિના
(B) પ્રત્યેક વર્ષના સપ્ટેમ્બર મહિના
(C) પ્રત્યેક વર્ષના ઓગસ્ટ મહિના
(D) પ્રત્યેક વર્ષના ડીસેમ્બર મહિના

080. કેદીઓના ખાણાં માટે વપરાતી ગાર્ડન સપ્લાઈઝ (બગીચા પૂરવઠામાં)કઈ સામગ્રીનો સમાવેશ થાય છે ?

(A) શાકભાજી
(B) બળતણનાં લાકડાં
(C) A અને B બંને
(D) એક પણ નહીં

081. કેદીઓના ખાણાં માટે વપરાતી ડેરી સપ્લાઈઝ (ડેરી પૂરવઠામાં) કઈ સામગ્રીનો સમાવેશ થાય છે ?

(A) દૂધ (જેલ ડેરીમાંથી પ્રાપ્ત)
(B) છાશ (જેલ ડેરીમાંથી પ્રાપ્ત)
(C) ઘી (જેલ ડેરીમાંથી પ્રાપ્ત)
(D) ઉપરોક્ત તમામ

082. નીચેના પૈકીનાં કયાં રજીસ્ટર જેલ કેન્ટીનમાં નિભાવવામાં આવતાં રજીસ્ટર છે ?

(A) કેન્ટીન સેલ્સ જર્નલ (Form No. 23)
(B) ગેટ રજીસ્ટર
(C) વિકલ્પ A અને D ની વિગત
(D) કેન્ટીન વર્ક ઓર્ડર્સ

083. કેન્ટીન સેલ્સ જર્નલ (જેલ ફોર્મ નં.૨૩) ની પ્રથમ કોલમમાં શેની વિગત ભરવામાં સૂચવેલ છે.

(A) અનુક્રમ
(B) તારીખ
(C) નામ
(D) એક પણ નહીં

084. કુપન એકાઉન્ટ બુક કેવા પ્રકારના ફોર્મમાં નિભાવવામાં આવે છે ?

(A) Form A
(B) Form B
(C) Form C
(D) ઉપરના તમામ

085. કેદીઓના વ્યક્તિગત ખાતાવહી જેલના કયા નંબરના ફોર્મમાં નોંધવામાં આવે છે ?

(A) જેલ ફોર્મ નં. ૧૪
(B) જેલ ફોર્મ નં. ૧૫
(C) જેલ ફોર્મ નં. ૨૬
(D) જેલ ફોર્મ નં. ૨૮

086. જેલ એકાઉન્ટસ મેન્યુઅલના એપેન્ડીક્ષ-C પાર્ટ II માં શેની વિગત આપેલી છે ?

(A) કેદીઓને આપવામાં આપતા પોશાક
(B) જેલ કેન્ટીનમાં વેચાણ સારૂ રાખવામાં આવતી સામગ્રી
(C) કેદીઓના ખાણા અંગેની
(D) ઉપરોક્ત એક પણ નહીં

087. જેલ એકાઉન્ટસ મેન્યુઅલ એપેન્ડીક્ષ-A માં શેની વિગત આપેલી છે ?

(A) કેદીઓના ઉત્પાદનોની વિગત
(B) કેન્ટીનમાં મળતા વેચાણ આર્ટીકલ
(C) જેલોમાં નિભાવણી માટેના ફોર્મની યાદી
(D) ઉપર પૈકી એક પણ નહીં

088. જેલ ફોર્મ નં. ૫૩ માં શેની વિગતો આપેલી છે ?

(A) કેદીઓને આપેલ સજાની વિગત
(B) નાસી છુટેલ કેદીઓની સંખ્યા
(C) વિકલ્પ A અને B ની વિગતો
(D) ઉપર પૈકી એક પણ નહીં

089. કેન્દ્રીય જેલમાં નિભાવવામાં આવતા ૩૨ થી ૩૭ સુધીનાં રજીસ્ટરો કયા અધિકારીને સંબંધિત છે ?

(A) ચારિત્ર્ય અધિકારી
(B) મેડીકલ ઓફિસર
(C) નાઈટ વોર્ડન
(D) ઉપરના એક પણ નહીં

090. નોન-ગેઝટેડે અધિકારીઓએ પ્રોવિડન્ટ ફંડમાંથી એડવાન્સ નાણાં મેળવવાનાં થાય ત્યારે ટ્રેઝરીને બિલ સાથે કયા વિકલ્પની વિગત પણ મોકલવી જોઈશે ?

(A) એડવાન્સ નાણાં મંજુરીનો આદેશ
(B) અધિકારીની સેવા વિષયક માહિતી
(C) અધિકારીની સેવાના વર્ષોની માહિતી
(D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

091. જી.પી.એફ એડવાન્સનાં નાણાં ઉપર વ્યાજની રકમની ગણતરી સારૂ કયા સૂત્રને લાગુ પાડવામાં આવશે ?

(A) $\frac{\text{ઉપાડની રકમ} \times \text{હપ્તાની સંખ્યા}}{\text{૫૦૦}} = \text{વ્યાજની રકમ}$

(B) $\frac{\text{ઉપાડની રકમ} \times \text{હપ્તાની સંખ્યા}}{\text{૪૦૦}} = \text{વ્યાજની રકમ}$

(C) $\frac{\text{ઉપાડની રકમ} \times \text{હપ્તાની સંખ્યા}}{\text{૩૫૦}} = \text{વ્યાજની રકમ}$

(D) ઉપર પૈકી એક પણ નહીં

092. દંડ ન ભરવામાં આવે ત્યારે કરેલી સજા ક્યારે ભોગવવાની શરૂ થાય છે ?

(A) મૂળ સજાની અવધિ પૂરી થઇ ગયા પછી
(B) મૂળ સજાની શરૂઆત થાય ત્યારે
(C) મૂળ સજાની અધવચ્ચે
(D) ઉપર પૈકી એક પણ નહીં

093. જેલ ફોર્મ નં. ૦૪ નો ક્યારે નાશ કરી શકાય ? (રીલીઝ ડાયરી)

(A) છેલ્લી નોંધના પાંચ વર્ષ પછી
(B) છેલ્લી નોંધના ત્રણ વર્ષ પછી
(C) છેલ્લી નોંધના બે વર્ષ પછી
(D) ઉપર પૈકી એક પણ નહીં

094. એસ્કેપ રજીસ્ટરને કેટલા સમયગાળા સુધી સાચવવાનું રહે છે ?

(A) ૧૦ વર્ષ સુધી
(B) કાયમી રેકર્ડ
(C) ૫ વર્ષ સુધી
(D) ઉપર પૈકી એક પણ નહીં

095. ગેટ રજીસ્ટરનો ક્યારે નાશ કરી શકાય ?

(A) છેલ્લી નોંધના ત્રણ વર્ષ પછી
(B) છેલ્લી નોંધના બે વર્ષ પછી
(C) છેલ્લી નોંધના એક વર્ષ પછી
(D) ઉપર પૈકી એક પણ નહીં

096. કન્ટીજન્ટ રજીસ્ટરને કઈ જોગવાઈ મુજબ સૂચવવામાં આવેલ છે ?

(A) બોમ્બે જેલ મેન્યુઅલ નિયમ ૧૩ મુજબ

(B) બોમ્બે જેલ મેન્યુઅલ નિયમ ૧૭ મુજબ

(C) કંટીજન્ટ એક્સપેન્ડીચર નિયમ ૧૭ મુજબ

(D) કંટીજન્ટ એક્સપેન્ડીચર નિયમ ૧૫ મુજબ

097. કંટીજન્ટ રજીસ્ટરને કેટલા ભાગમાં નિભાવવામાં આવે છે ?

(A) ૪ (B) ૩

(C) ૨ (D) ૧

098. સુપ્રિન્ટેન્ડેન્ટની ઓર્ડર બુકમાં તેઓએ કઈ વિગતો નોંધવાની રહેશે ?

(A) કેદીઓના અંગત સંબંધીઓની

(B) કેદીઓના ખાનપાન સંબંધીત ટેવોની

(C) કેદીના પત્રોને રોકી રાખવા બાબતોની

(D) કેદીઓની અંગઝડતી બાબતોની

099. ૧૧૦ પ્લેટ મસાલા ભજીયા બનાવવા માટે જેલ એકાઉન્ટ મેન્યુઅલની જોગવાઈઓ મુજબ કેટલા પાઉન્ડ બેસનની જરૂર પડશે ?

(A) ૨ lbs પાઉન્ડ (B) ૪ lbs પાઉન્ડ

(C) ૬ lbs પાઉન્ડ (D) ઉપરોકત પૈકી એક પણ નહીં

100. ૩૭૫ પ્લેટ મીઠી જલેબી બનાવવા માટે જેલ એકાઉન્ટ મેન્યુઅલની જોગવાઈઓ મુજબ કેટલા પાઉન્ડ વેજીટેબલ ઘીની જરૂર પડશે ?

(A) ૧૦ પાઉન્ડ (B) ૮ પાઉન્ડ

(C) ૬ પાઉન્ડ (D) ઉપર પૈકી એક પણ નહીં

## SPACE FOR ROUGH WORK / રફ કામ માટેની જગ્યા

**પરીક્ષા આપનાર ઉમેદવારે ઉત્તરપત્ર (OMR SHEET) વર્ગનિરીક્ષકને પરત કર્યા બાદ જ વર્ગખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસુર થયેથી શિસ્તભંગના પગલાં ગણી પરીક્ષા માટે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.**